<table>
<tr><td rowspan="5">GJKT020012022026</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૧/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૧૧/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૦૭/૦૪/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૧</td><td>૨૫</td></tr>
</table>

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટી <u>ફીકેશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ</u>**

## FORM : A

**ના.શ્રી ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ-કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૭૬૪/૨૦૨૬**

**આંક-બી/૧૧**

**એફ.આઇ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :-**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન એફ.આઇ.આર. નંબર | **માનકુવા પોલીસ સ્ટેશન, સી. પાર્ટ પ્રોહી. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૧૩૨૫૦૭૧૦/૨૦૨૫** |
| ગુન્હો | **પ્રોહીબીશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ-૬૫(એફ) મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી આર.આર.પ્રજાપતિ** |
| **આરોપી** | **વિશ્રામ કરશન સથવારા**<br>ઉ.વ. ૩૦, ધંધો-મજુરી<br>રહે. કેરા, તા. ભુજ-કચ્છ |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી એન.એન.વ્યાસ** |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૫/૧૧/૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૨૫/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૧/૨૦૨૬ |
| ત્હોમત ફરમાવ્યાની તારીખ | ૧૧/૩/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૧૧/૩/૨૦૨૬ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઈ કોઈ હોય તો | – |

**<u>આરોપી/ઓની વિગત :–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | ૨૩/૧૨/૨૦૨૫ | ૨૩/૧૨/૨૦૨૫ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## <u>FORM–C</u>

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–</u>**

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | ખીમજી કાસમ કોલી | પંચ સાહેદ | ૬ |
| ૨. | શંભુ કરશન ચાવડા | ફરીયાદી | ૮ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૭ |
| ૨. | ફરીયાદ | ૯ |
| ૩. | મુદામાલ પરીક્ષણ રીપોર્ટ/યાદી | ૧૦ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૧–૪૫ વાગ્યા દરમ્યાન આરોપીના રહેણાંકની પાછળ આવેલ વાડામાં, ગામ કેરા, તા. ભુજ–કચ્છ મધ્યે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી દારુ બનાવવાનો આથો લિટર–૧૫ કુલ કિંમત રૂા.૩૭૫/– નો પ્રોહી. મુદામાલ રાખી રેઈડ દરમ્યાન મળી આવી તપાસ દરમ્યાન પકડાઇ જઇ પ્રોહીબીશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ ચાર્જશીટ આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી

સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઇ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપી/ઓને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭/ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૨૩૦ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરુધ્ધ આંક-૪ થી ત્હોમતનામું ફરમાવી તે ત્હોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવી આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાઓ સંબંધેનું નિવેદન/પ્લી આંક-૫ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપી/ઓએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ-સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સ્વિાય ફરીયાદપક્ષે વધુ કોઇ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૩૫૧/કિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે તે હકીકતનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે આવો કોઈ ગુનો કરેલ નથી ખોટી રીતે સંડોવેલ છે આથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. પરંતુ પોતાના કથનના સમર્થનમાં કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળી.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદાઓ ::-</u>**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૧-૪૫ વાગ્યા દરમ્યાન

આરોપીના રહેણાંકની પાછળ આવેલ વાડામાં, ગામ કેરા, તા. ભુજ-કચ્છ મધ્યે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી દારુ બનાવવાનો આથો લિટર-૧૫ કુલ કિંમત રૂા.૩૭૫/- નો પ્રોહી. મુદામાલ રાખી રેઇડ દરમ્યાન મળી આવી તપાસ દરમ્યાન પકડાઇ જઇ પ્રોહીબીશન એકટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ-૬૫(એફ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>નિર્ણય :-</u>** ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>-:: નિર્ણય માટેના કારણો ::-</u>**

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :-</u>**

(૮) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે સુદામાલ જપ્ત કર્યાના પંચનામાના **પંચ સાહેદ ખીમજી કાસમ કોલીને આંક-૬ થી** તપાસવામાં આવેલ છે અને તેઓએ પંચનામાની નકલ આંક-૭ થી રજુ રાખેલ છે. તેઓએ તેમની જુબાનીમાં તેમની સહી સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ આ સહી શા બાબતે કરાવેલી તે યાદ નથી તેમજ તેમની હાજરીમાં પોલીસે કોઈ ઈસમની અટક કરી ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી તેમ જણાવેલ છે. જેથી સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને વિદ્વાન એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી.

(૧૦) ફરીયાદપક્ષે આ કામના **ફરીયાદી શંભુ કરશન ચાવડાને આંક-૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવેલ છે. વધુમાં આ કામની ફરીયાદ તેઓએ આપેલ જે ઓળખી બતાવેલ છે અને પુરાવામાં આંક-૯ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર ફરીયાદ દાખલ થયા બાદ તપાસ વિજયભાઇ ધાંધરને સોંપાતા તેઓએ સાહેદોના નિવેદનો લીધેલા, મુદામાલ સેમ્પલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. માં મોકલાવેલ. જે મુદામાલ પરીક્ષણ રીપોર્ટ/યાદી આ કામે આંક-૧૦ થી રજુ રાખેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે આ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, ફરીયાદમાં પ્રાઈવેટ વાહનનું વર્ણન, પ્રકાર તથા પંચોના નામ સરનામા જણાવેલ નથી, કહેવાતો ઈસમ આવા મુદામાલના પ્રત્યક્ષ કબજા સાથે મળી આવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :-</u>**

(૧૧) ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવો ધ્યાને રાખતાં આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષના જ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદે મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ ન હોય મુદામાલ કબજે કર્યાનું પંચનામું પુરવાર થતું નથી. ત્યારબાદ આ કામે ફરીયાદી તેમજ તપાસ કરનાર અધિકારી પોલીસ સાહેદ છે તેઓએ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તેઓની બચાવપક્ષે થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ પેટ્રોલીંગમાં ઉપયોગમાં લીધેલ વાહનના નંબર કે વર્ણન ફરીયાદમાં જણાવેલ નથી તેમજ બનાવવાળો વિસ્તાર જાહેર રસ્તો છે તેમ છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન આ કામે લેવામાં આવેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના સ્વતંત્ર સાહેદ એવા પંચે બનાવ હકીકતને સમર્થન કરેલું નથી કે પંચનામા મુજબની કે ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી સ્થાનિકે પંચ સાહેદો રૂબરૂ થઈ હોય તે હકીક્તને પણ સમર્થન મળતું નથી. આ કામે સ્વતંત્ર અને તટસ્થ સાહેદ મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોને આ કામે સાહેદ તરીકે બતાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ થયેલ નથી, ત્યારે માત્ર પોલીસ સાહેદોના વિધિવત પ્રકારના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૨) નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા તાજેતરમાં રાજેશ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૨૩(૦) એઆઈજેઈએલ–એસ.સી. ૭૨૫૪૭૫ ના કે જેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત મુજબ પંચ સહેદોનો ભાગ ખુબ જ અગત્યનો હોય, નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે ;

> 28. That apart, the manner in which the Investigating Officer (PW–16) went about drawing up the proceedings forms an important issue in itself and it is equally debilitative to the prosecution's case. In Yakub Abdul Razak Memon vs. State of Maharashtra through CBI, Bombay12, this Court noted that the primary intention behind the 'panchnama' is to guard against possible tricks and unfair dealings on the part of the officers entrusted with the execution of the search and also to ensure that anything incriminating which may be said to have been found in the premises searched was really found there and was not introduced or planted by the officers of the search party. It was further noted that the legislative intent was to control and check these malpractices of the officers, by making the presence of independent and respectable persons compulsory for search of a place and seizure of an article. It was pointed out that a panchnama can be used as corroborative evidence in the Court Cr.P.C. for the purposes of a valid panchnama : ......
>
> ......It was held that a panchnama would be inadmissible in a Court of law if it is recorded by the Investigating Officer in a manner violative of Section 162 Cr.P.C. as the procedure requires the Investigating Officer to record the search proceedings as if they were written by the panch witnesses themselves and it should not be recorded in the form of examining witnesses, as laid down in Section 161 Cr.P.C.
>
> 32. Witnesses to the panchnamas and the seizures acted as mere attestors to the documents and did not disclose in their own words as to how these objects were discovered, i.e., at whose instance and how. Ergo, no lawful validity attaches to these proceedings recorded by the police in the context of collection of all this evidence.

આ કામે પંચ સાહેદ પંચનામાની વિગતે બનાવ સ્થળેથી રેડ દરમ્યાન મુદામાલ કબજે લીધેલ હોય તેવી કોઇ હકીકત જુબાનીમાં જણાવેલ નથી. જેથી આ કામની રેઈડ દરમ્યાન પંચનામામાં જણાવ્યા મુજબનો મુદામાલ કબજે લીધેલ પૈકીનો છે કે કેમ તે બાબતે શંકા ઉદભવે છે. કબજે લીધેલ હોય તેવી હકીકત નિ:શંક પુરવાર થતી નથી. જેથી આરોપી પાસેનું મુદામાલનું એકચુઅલ પઝેશન પુરવાર થતું નથી.

(૧૩) આમ, ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં આ કામના આરોપીના સભાનપણાના કબજા ભોગવટામાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ હોવાનું પંચ સાહેદના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતું નથી. વધુમાં, ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદપક્ષના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે પુરવાર થયેલ માની શકાય નહીં. સદરહુ ગુન્હાના કામે આરોપીને સાંકળી શકે તેવો કોઈ પુરાવો ના હોઈ

ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.ર અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટ સુધારા અધિનીયમ ૨૦૧૬ ની કલમ-૬૫(એફ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

ર. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૪૮૧ અન્વયે આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ/નિકાલ કરવો.

હુકમ આજ તારીખ : ૦૭, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૦૭/૦૪/૨૦૨૬
ભુજ-કચ્છ

**(રાહુલ સતીશભાઈ સિંગલ)**
ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ-કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)

MD